| |
|---|
| રજૂ તારીખ –૨૫/૦૩/૨૦૨૬ |
| દાખલ તારીખ– ૨૫/૦૩/૨૦૨૬ |
| ફેસલ તારીખ–૧૧/૦૬/૨૦૨૬ |
| સમયગાળો ૦૦ વર્ષ ૦૨ માસ ૦૭ દિવસ |

सत्यमेव जयते

**થરાદનાં મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટે કલાસ સાહેબની કોર્ટમાં,મુ.થરાદ**

ફોજદારી કેસ નંબરઃ ૪૯૦/૨૦૨૬
આંકઃ–૧૧

શ્રી સ ર કા ર ...........ફરિયાદી.

<u>વિરુધ</u>

હાર્દિકભાઈ ગિરિશભાઈ ત્રિવેદી,
રહે. ભોયણ, તા.ડીસા, જી.બનાસકાંઠા. ............આરોપી.

**<u>ગુન્હોઃ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧ અને એમ.વી.એકટની કલમ ૩, ૧૮૧ મુજબ.</u>**

<u>ફરીયાદપક્ષ તરફે વિ.વ.એ.પી.પી.શ્રી.સરકાર</u>

આરોપી તરફે વિ.વ.શ્રી **પી.એચ.ચૌધરી (પ્રોક્ષી)**

**<u>//ઠ રા વ//</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ મોજે થરાદ સાંચોર હાઈવે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાના હીરો કંપનીના એચ.એફ.ડીલેકસ જેનો રજી નં. જીજે.૧૨.ઈ.૨૨૮૭ જાહેર રસ્તા ઉપર ચાલુ ડ્રાઈવીંગ દરમ્યાન ફોન પર વાતચીત કરી બેદરકારીથી ગફલતભરી રીતે ડ્રાઈવીંગ લાઈસન્સ વગર ચલાવી મળી આવી ગુનો કરેલ હોય તે મતલબની ફરીયાદ આપતાં થરાદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૬૨૬૦૧૮૪/૨૦૨૬ થી બી.એન.એસ. એક્ટની કલમ–૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૩, ૧૮૧ મુજબનો ગુનો નોંધાયેલ.

તેની પોલીસ તપાસના અંતે આરોપી સામે પુરતા પુરાવા મળી આવતાં ધોરણસર થવા હાલનું ચાર્જશીટ બી.એન.એસ.એસ. ની કલમ–૧૯૩ અન્વયે બી.એન.એસ. એક્ટની કલમ–૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૩, ૧૮૧ નું કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં ચાર્જસીટ થતા **બી.એન.એસ.એસ.એક્ટની કલમ – ૨૧૦ (૧) (બી)** મુજબ ગુનાનુ કોગ્નીઝન્સ લઈ આરોપી વિરુધ્ધ બી.એન.એસ.એસ ની કલમ–૨૨૭ અન્વયે સમન્સ કાઢતા આરોપી હાજર થતા પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપી આરોપીનું આંક–૪ થી નિવેદન લેવામાં આવેલ અને સદર કામ ફરીયાદપક્ષનાં પુરાવા માટે કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરિયાદપક્ષે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**//મૌખિક અને દસ્તાવેજી પુરાવા//**

આંક–૦૫ થી પંચ સાહેદ કિરણભાઈ ભોળાભાઈ સુથાર ની જુબાની.

આંક–૦૬ થી પંચનામું.

આંક–૦૭ થી ફરીયાદી વાંકજીભાઈ પીરાભાઈ દેસાઈ ની જુબાની.

આંક–૦૮ થી ફરિયાદ

આંક–૦૯ થી ત.ક.અ.શ્રી માનભાઈ કરશનભાઈ પટેલ ની જુબાની

(૪) સદર કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમા તેઓ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫) આરોપીપક્ષે વિ.વ.શ્રી દ્વારા દલીલો કરી જણાવેલ છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકારહીત પુરવાર કરેલ નથી. ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોની જુબાનીમાં મહત્વની પુરાવાકીય બાબતે વિરોધા ભાષી પુરાવો રેકર્ડ પર આવેલ છે. ફરિયાદપક્ષે આક્ષેપિત કલમો મુજબનુ તહોમત તેના તત્વો સાથે પુરવાર કરેલ નથી. ફરિયાદપક્ષનાં રજુ પુરાવામાં સંભવિત શંકા ઉત્પન્ન થાય છે. ત્યારે ઉપરોકત

રજુઆત ધ્યાને લઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે. સદરહું કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**//મુદાઓ//**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ મોજે થરાદ સાંચોર હાઈવે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાના હીરો કંપનીના એચ.એફ.ડીલેકસ જેનો રજી નં. જીજે.૧૨.ઈ.૨૨૮૭ જાહેર રસ્તા ઉપર ચાલુ ડ્રાઈવીંગ દરમ્યાન ફોન પર વાતચીત કરી બેદરકારીથી ગફલતભરી રીતે ડ્રાઈવીંગ લાઈસન્સ વગર ચલાવી મળી આવી ગુનો કરેલ હોય તે મતલબની ફરીયાદ આપતાં થરાદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૬૨૬૦૧૮૪/૨૦૨૬ થી બી.એન.એસ. એક્ટની કલમ–૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૩, ૧૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ

(૬) ઉપરોકત મુદાઓનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**//કારણો//**

(૮) આ કામનાં આરોપી સામેનો હાલનો ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયના સિધ્ધાંત અનુસાર ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવાનો રહે છે અને ભારતીય પુરાવા ધારાની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષના કેસની સાબિતીનો બોજો ફરિયાદપક્ષના શિરે રહે છે.

વધુમાં આ કામે ઉપરોકત પુરાવો ધ્યાને લઈ કોઈપણ નિર્ણય કરતા અગાઉ ભારતીય દંડ સંહિતતાની કલમ–૨૭૯ ધ્યાને લેવી જરુરી હોય. જે નીચે મુજબ ધ્યાને લીધી.

બી.એન.એસ.એક્ટની કલમ–૨૮૧ "જાહેર માર્ગ પર બેફામપણે હંકારવું કે સવારી કરવી." કોઈપણ વ્યકિત,બહુજન સમુદાયની જિંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવા સંભવ હોય તેવા બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરિયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છે માસ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રુપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

ઉપરોકત મુળભુત તત્ત્વોને નજર સમક્ષ રાખી આ કામે પડેલ પુરાવા પરથી શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે,આ કામનાં આરોપી હાર્દિકભાઈ ગિરિશભાઈ ત્રિવેદી નાઓએ પોતાનું વાહન બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરિયામ રસ્તા પર ચલાવી અથવા સવારી કરી અથવા મનુષ્ય જીંદગી જોખમાય તે રીતે ચલાવેલ હોય, તે હકીકત રજુ થયેલ પુરાવાથી જોઈએ તો –

(૯) ફરીયાદપક્ષનાં કેસની હક્કીત કે જે પેરા–૧ જણાવેલી છે તેની સાબીતી માટે જોવામાં આવે તો હાલના કામે આરોપીની અંગઝડતી તથા ગુનાવાળી જગ્યાનાનું પંચનામું પંચો રુબરુ કરેલ તે પંચનામાંનાં પંચ સાહેદ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તે સિવાયની પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે અને તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલાની હકીકત જણાવે છે અને આરોપીને બચાવવા ખોટી જુબાની આપે છે તેનો ઈન્કાર કરેલો છે.

ફરીયાદપક્ષે ફરિયાદી તથા પોલીસ સાહેદોને સોગંદ પર તપાસવામાં આવેલ છે સદરહું સાહેદોએ ફરિયાદ તેમજ સાહેદોનાં નિવેદનને અનુરૂપ પુરાવો આપેલ છે.

સદરહુ ફરિયાદીની આરોપીનાં વિ.વ.શ્રી તરફે ઉલટતપાસ કરવામાં આવતાં તેણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યા થરાદ ચાર રસ્તા ઉપર આવેલ છે.એ વાત ખરી છે કે, ચાર રસ્તા ઉપર સી.સી.ટી.વી કેમેરા લગાડેલ છે. એ વાત ખરી છે કે, વાહન ચેકીંગમાં હતા તેનો ચોક્કસ સમય ફરીયાદમાં લખેલ નથી. એ વાત ખરી છે કે, મોટર સાઈકલની

માલીકી આ કામના આરોપી કે અન્યની છે તે હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે, થરાદ ચાર રસ્તા સતત વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે, ચાર રસ્તાની આજુબાજુ માણસોની વાહનોની અને દુકાનો અને લારીઓ ગલ્લાઓ આવેલ હોવાથી વાહનોની ગતી ધીમી હોય છે. એ વાત ખરી છે કે, ચાર રસ્તા ઉપર સ્પીડ બ્રેકર લગાવેલ છે. એ વાત ખરી છે કે, મોટર સાઈકલની ગતિ કોઈ મશીનથી ચેક કરેલ નથી. એ વાત ખરી છે કે, પંચોના નામ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, હાલના આરોપીઓ કઈ બાજુથી આવતાં હતા અને કઈ બાજુ જતા હતા તેવું કોઈ ફરીયાદમાં જણાવેલ નથી.

સદરહુ ત.ક.અ.શ્રીની આરોપીનાં વિ.વ.શ્રી તરફે ઉલટતપાસ કરવામાં આવતાં તેણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, અમોએ ચાર્જશીટ કરેલ તે બનાવ વાળી જગ્યા થરાદ ચાર રસ્તા ઉપર આવેલ છે.એ વાત ખરી છે કે, ચાર રસ્તા ઉપર સી.સી.ટી.વી કેમેરા લગાડેલ છે. એ વાત ખરી છે કે, સી.સી.ટી.વી. ફુટેજ અમોએ આ કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે, વાહન ચેકીંગમાં હતા તેનો ચોક્કસ સમય ફરીયાદમાં લખેલ નથી. એ વાત ખરી છે કે, મોટર સાઈકલની માલીકી આ કામના આરોપી કે અન્યની છે તે હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે, થરાદ ચાર રસ્તા સતત વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે, ચાર રસ્તાની આજુબાજુ માણસોની વાહનોની અને દુકાનો અને લારીઓ ગલ્લાઓ આવેલ હોવાથી વાહનોની ગતી ધીમી હોય છે. એ વાત ખરી છે કે, ચાર રસ્તા ઉપર સ્પીડ બ્રેકર લગાવેલ છે. એ વાત ખરી છે કે, મોટર સાઈકલની ગતિ કોઈ મશીનથી ચેક કરેલ નથી.

(૧૦) આમ, આ કામે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો પ્રોસીક્યુશન તર્ફે તપાસેલ ફરીયાદી સોગંધ પર તપાસવામાં આવેલ છે અને તેઓ ફરીયાદને હિતકર્તા સાહેદ હોય તેઓ ફરીયાદની તરફેણમાં પુરાવો આપે છે. આ કામે બનાવવાળી જગ્યા વાહનો તથા પબ્લીકનો જાહેર અવરજવરનો રસ્તો

હોવા છતાં બનાવ સમયે ત્યાં ઘણા માણસોની અવર જવર હોઈ શકે તેમજ આ ગુન્હાના કામે સ્વતંત્ર–તટસ્થ સાહેદો સરળતાથી મળી શકે તેમ હોવા છતાં તેઓનો પુરાવો નોંધવામાં આવેલો નથી.વધુમાં ફરીયાદપક્ષે રજુ પંચ/સાહેદોની જુબાનીથી પણ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન મળેલ નથી.ત્યારે આરોપી પોતાની તેમજ અન્યની જાનજોખમાય તે રીતે વાહન ચલાવતા હતા તે સંદર્ભે જોઈએ તો,આરોપીએ કેવી રીતે વાહન ચલાવી લાવી આવતા જતા રાહદારીઓના પ્રાણ જોખમમાં મુકેલ તે રીતે વાહન હંકારેલ તે બતાવવા માટે ફરીયાદી તર્ફે કોઈ ચોક્કસ કે મજબુત પુરાવો જેવો કે આરોપી પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી તથા ભયજનક રીતે ચલાવી લાવતા કે જેથી આરોપીના વાહનની સ્પીડ આવતા જતા રાહદારીઓના પ્રાણ જોખમમાં મુકે તેમ હતી અથવા આરોપીની બેફીકરાઈપૂર્વકની ડ્રાઈવીંગના લીધે અન્ય કોઈ ત્રાહિત ઈસમને તકલીફ પહોંચાડેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરી શકેલ નથી. વધુમાં જ્યારે ફોજદારી ન્યાયીક કાર્યવાહીમાં પુરાવાનું અર્થઘટન કરવાનું હોય ત્યારે ફરીયાદપક્ષે કેસ શંકારહીત પુરવાર કરવાનો રહે છે.વધુમાં બનાવ સ્થળે સ્વતંત્ર સાહેદો સરળતાથી મળી શકે તેમ હોવા છતાં તટસ્થ સાહેદોની જુબાની નોંધવામાં આવેલ નથી જે બાબત પણ પ્રોશીક્યુશન તર્ફેની કાર્યવાહીમાં શંકા પ્રેરીત કરે છે. આમ ઉપરોકત તમામ બાબતો, રેકર્ડ પરનો પુરાવો તથા ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષે સબળ પુરાવાની ગેરહાજરીમાં આ કામનાં આરોપી સામે આક્ષેપાયેલ બી.એન.એસ. એક્ટની કલમ–૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૩, ૧૮૧ મુજબનો ગુનો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું ઉપરોકત કેસના ગુણદોષ ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે.

ઉપરોકત તમામ ચર્ચાનાં અંતે નામદાર ઉચ્ચ અદાલતોના પુરાવાકિય બોજા સંદર્ભે માર્ગદર્શક સિંધ્ધાત લક્ષમાં રાખી જોઈએ તો:–

“An accused for discharging the burden of proof placed upon him under a statute need not examine himself. He may discharge his burden on the basic of the material

already brought on records. An accused has constitutional rights to maintain silence. Standard of proof on part of an accused and that of the prosecution in a criminal case is different.

Furthermore, whereas prosecution must prove the guilt of an accused beyond all reasonable doubt, the standard of proof so as to prove a defense on the part of an accused is “Preponderance of probabilities” Inference of Preponderance of probabilities can be drawn not only from the material brought on records by the parties but also by reference to the circumstances upon which he relies.

આમ,ફરિયાદપક્ષનાં કેસ મુજબ આરોપીએ તેના ઉપર બચાવ પુરવાર કરવાનો જે બોજો રહેલો છે,તેના માટે પોતાનો પુરાવો રજુ કરવો જરુરી નથી,પરંતુ જે ફરિયાદ પક્ષે રેકર્ડ પર પુરાવો રજુ કરેલો હોય તેનાથી પણ પુરવાર કરી શકે અને સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ ફોજદારી કેસમાં જે ફરિયાદી પર હોય છે,તેટલું આરોપી ઉપર ન હોય.કારણ કે,ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકા રહિત સાબિત કરવાનો હોય છે ત્યારે આરોપીએ ફકત શંભવિતતાની માત્રા દર્શાવવાની હોય છે.આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચા મુજબ જોઈએ તો આરોપીપક્ષે ફરિયાદીના રજુ પુરાવામાં માની શકાય તેવી શંભવિત શંકા ઉત્પન્ન કરેલ હોય ત્યારે પુરાવાનો ભાર ફરિયાદ પક્ષ પર ખસી જાય છે,અને તે મુજબ ફરિયાદપક્ષે સબળ પુરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરવાનો રહે છે પરંતુ ફરિયાદપક્ષ તેવો કોઈ સબળ પુરાવો રજુ કરવામાં ઉપર કરેલ ચર્ચા મુજબ સફળ રહેલા નથી જેથી મુદા નં.૧નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ પરત્વે નિચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

આ કામનાં આરોપી હાર્દિકભાઈ ગિરિશભાઈ ત્રિવેદી, રહે. ભોયણ, તા.ડીસા, જી.બનાસકાંઠા વાળાને **ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩**

**ની કલમ–૨૭૮(૧)** અન્વયે બી.એન.એસ. એક્ટની કલમ–૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ–૩, ૧૮૧ મુજબનાં શિક્ષાને પાત્ર ગુના સબબ પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આરોપીના અગાઉના જુના જામીનદારને છ માસ સુધી જામીન તરીકે ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમમાં આજરોજ તારીખઃ ૧૧લી ,માહે–જુન, સને–૨૦૨૬ નાં રોજ મારી સહી કરી ખુલ્લા ન્યાયાલયમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

થરાદ

તા.૧૧/૦૬/૨૦૨૬

**(Rupesh Kiritkumar Jani )**
Principal civil Judge & J.M.F.C.
Tharad
**Code No.GJ01658**